| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૨૫–૦૨–૨૦૨૬ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૨૫–૦૨–૨૦૨૬ | | |
| અરજી ફેંસલ કર્યા તા. | ૦૬–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૦૯ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર**

| |
|---|
| **ફોજદારી પરચુ અરજી નં.૨૧૬/૨૦૨૬** |
| **આંક: ૫** |

**અરજદાર :** **ગળધરીચા રવીભાઈ બળવંતભાઈ**
ઉ.વ.આ.૨૧, ધંધો: અભ્યાસ–મજુરીકામ
રહે.ગઢાદ, તા.મુળી,જી.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

સામાવાળા : ૧. શ્રી સરકાર

==========================================================

**વિષય::– બી.એન.એસ.એસ. કલમ ૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા વચગાળાની અરજી.**

==========================================================

| | |
|---|---|
| અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી | કે.વી.શાહ |
| સામાવાળા નં. ૧ તરફે વિધ્વાન વિ.એ.પી.પી.શ્રી | એમ.પી.સભાણી |

==========================================================

**–:: J U D G M E N T ::–**

**(૧) પ્રસ્તાવના :–**

આ કામે હાલના અરજદારે બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ અન્વયે વચગાળાના સમય માટે મુદામાલ પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૨) અરજદારની અરજીની હકીકત :–**

**૨.૧)** અરજદારની માલીકીનો મોબાઈલ ઓપ્પો કંપનીનો મોડલ નં. K2X 5G સફેદ

આસમાની કલરનો મોબાઈલ છે તે મુળી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૩૫૨૫૦૩૯૬/૨૫, બી.એન.એસ. કલમ– ૬૪(૨)(એમ), ૩૫૧(૨) ના કામે વપરાયેલ હોવાનુ જણાવી પોલીસે સદરહુ વાહન ખોટી રીતે કબજે લીધેલ હોય કેસ ચાલતા દરમ્યાન મુદામાલ મોબાઈલનો કબજો પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**૨.૨)** અરજદાર મુદામાલના માલીક છે અને મોબાઈલ તેના ધંધા ઉપયોગી અને અંગત સાધન છે. મુદામાલ મોબાઈલ લાંબો સમય સુધી બીન વપરાશ પડયુ રહે તો તેમા ખોટ સર્જાય તેમ છે. સદરહુ મોબાઈલ નામ.કોર્ટ ફરમાવે ત્યારે યથાવત સ્થિતીમાં નામ.અદાલતમાં રજુ કરવાની ખાત્રી આપે છે તેમજ નામ.અદાલત ફરમાવે તે તમામ શરોતનું પાલન કરવાનુ તેમજ જામીન આપવા તૈયાર અને ખુશી છે. જેથી સદરહુ કેસના નિકાલ સુધી અરજદારને યોગ્ય રકમના જામીન પર વચગાળાની વ્યવસ્થા તરીકે પરત સોંપી આપવા હુકમ ફરમાવવા અરજ છે.

**(૩) અરજદાર તરફે રજુઆત :–**

૩.૧) અરજદારના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

**(૪) વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::–**

**૪.૧)** વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ટ્રાયલ અદાલતે ખુબ જ કેસની હકીકત તથા સંજોગોને લક્ષમાં લઈ યોગ્ય રીતે અને ન્યાયિક રીતે હુકમ કરેલ છે તેથી તે ચુકાદામાં કોઈ હસ્તક્ષેપને અવકાસ નથી તેથી અરજી નામંજુર કરવા માટે દલીલ કરેલ છે. તેમજ આ કામે ફરિયાદીને નોટીસ કરેલ પરંતુ ફરિયાદ તર્ફે કોઈ હાજર રહેલ નથી.

**(૫) અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૫.૧) મુળી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૩૫૨૫૦૩૯૬/૨૫, બી.એન.એસ.**

**કલમ– ૬૪(૨)(એમ), ૩૫૧(૨)** મુજબના ગુનાના કામે મોબાઈલ **ઓપ્પો કંપનીનો મોડલ નં. K2X 5G સફેદ આસમાની કલરનો મોબાઈલ** છે તે આરોપી પાસેથી કરવામાં આવેલ તે વચગાળાના કબજે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. આ કામની ફરીયાદ તથા પંચનામાની હકીકત વંચાણે લેતા મુદામાલ અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારનો આંક–૪ થી અભિપ્રાય રજુ છે. જે વંચાણે લેતા તેમના અભિપ્રાયમાં મુદામાલ મોબાઈલમાં ગુના સબંધી કોઈ હકીકત થયેલ હોય કે તપાસના કામે મુદામાલની જરુર હોય તેવી કોઈ ત.ક.અ.ની રજુઆત નથી. આ કામ મુદામાલની માલીકી હાલના અરજદારની હોવાનુ મોબાઈલના બીલની નકલ પરથી જણાય છે. **જી.એલ.આર.૨૦૦૩(૨), ૧૩૩૭ એસ.સી., સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના કેસનો ચુકાદો વંચાણે લેતા યોગ્ય હકકદાર વ્યકિતને મુદામાલનો કબજો સોંપવાનો રહે છે. વળી, મુદામાલ બીન ઉપયોગી પડી રહેવાથી તેની ગુણવતામાં ઘટાડો થવા તથા તેમાં ખામી સર્જાવાની સંભાવના રહેલી છે. જેથી સદર મુદામાલનો વચગાળાનો કબજો હાલના અરજદારને સોંપવો યોગ્ય જણાય છે. જેથી, શરતોને આધીન અરજદારને મુદામાલ વચગાળાની કસ્ટડીમા સોંપવો યોગ્ય અને ન્યાયોચિત રહેશે. જેથી, નીચેની અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવો જરુરી અને ન્યાયોચિત જણાય છે. જેથી, મુદા નં.૧ નો નિર્ણય 'હકાર'માં આપી, મુદા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદાર **ગળધરીયા રવિભાઈ બળવંતભાઈ, રહે.ગઢાદ** નાઓની હાલની મુદામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. **મુળી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૩૫૨૫૦૩૯૬/૨૫, બી.એન.એસ. કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨)** મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલ મોબાઈલ **ઓપ્પો કંપનીનો મોડલ નં. K2X 5G સફેદ આસમાની કલરનો મોબાઈલ** છે તેની મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી

રકમના સધ્ધર જામીન તથા જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ અરજદારને વચગાળાના કબજે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ–</u>**

**અરજદારે,**

૧) મુદ્દામાલ આ કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો કરાવવો નહિ.

૨) આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુન્હાના કામે જયારે પણ મુદ્દામાલ માંગે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

૩) મુદ્દામાલના ચાર કલર ફોટા અરજદારે પોતાના ખર્ચે પડાવી ત. ક. અ. ને સુપરત કરવા **ત. ક. અ. એ આ ફોટા ચાર્જશીટ સાથે સામેલ રાખવા.**

૪) મુદ્દામાલ ભવિષ્યમાં ગુનાહીત કામે ઉપયોગ ના થયા તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

૫) જામીન તથા બોન્ડ જ ટ્રાયલ કોર્ટ સમક્ષ આપવા.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો મુદ્દામાલ જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન અને ટ્રાયલ કોર્ટને કરવી.

આજ તારીખ–૦૬ મી, માહે : માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૬–૦૩–૨૦૨૬.

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)